૮૭. પરીક્ષા FACT કમિટીની તા.૧૫/૧૦/૨૦૨૨ની સભાની નોંધ/ભલામણો પર વિચારણા કરવા બાબત...
(**નોંધ**–પરીક્ષા FACT કમિટીની ઉપરોકત સભાની નોંધ/ભલામણો આ સાથે સામેલ છે.)

(પરીક્ષા (આચાર(FACT) વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા FACT કમિટીની તા.૧૫/૧૦/૨૦૨૨ની સભાની નોંધ/ભલામણોનો પરિશિષ્ટઃ ' ૧૯ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો.**

(પરિશિષ્ટઃ ' ૧૯ ')

૮૮. એકેડેમિક કાઉન્સિલની તા.૧૮–૧૦–૨૦૨૨ની સભાએ ભલામણ કરેલ પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

ક્રમ	નામ	ફેકલ્ટી	વિષય	એકેડેમિક કાઉન્સિલની તારીખ તથા ઠરાવ ક્રમાંક
૧	ડૉ.ચાંપાનેરીયા મયંક ઠાકોરભાઈ	સાયન્સ	કેમેસ્ટ્રી	તા.૧૮–૧૦–૨૦૨૨ ઠરાવ ક્રમાંક (૦૪)
૨	ડૉ.ભાવેશકુમાર મણિલાલ વાળા	આર્ટસ	ગુજરાતી	તા.૧૮–૧૦–૨૦૨૨ ઠરાવ ક્રમાંક (૧૦)
૩	ડૉ. મિશ્રા પંકજ શંભુનાથ	કોમપ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોમેશન ટેકનોલોજી	કોમપ્યુટર સાયન્સ	તા.૧૮–૧૦–૨૦૨૨ ઠરાવ ક્રમાંક (૧૭)
૪	ડૉ. ચૌધરી વિપુલ પ્રભુભાઈ	તબીબી	કોમ્યુનિટી મેડિસીન	તા.૧૮–૧૦–૨૦૨૨ ઠરાવ ક્રમાંક (૧૮)
૫	ડૉ.નિશાંત સતિષચંદ્ર જુન્નકર	સાયન્સ	માઈક્રોબાયોલોજી	તા.૧૮–૧૦–૨૦૨૨ ઠરાવ ક્રમાંક (૨૨)
૬	ડૉ.સામલ સુધાધારા કાર્તિકચંદ્ર	કોમર્સ	કોમર્સ	તા.૧૮–૧૦–૨૦૨૨ ઠરાવ ક્રમાંક (૨૩)
૭	ડૉ.પારેખ વૈશાલી મહેન્દ્રકુમાર	આર્ટસ	અંગ્રેજી	તા.૧૮–૧૦–૨૦૨૨ ઠરાવ ક્રમાંક (૨૪)
૮	ડૉ. દેસાઈ વૈભવ ધનસુખલાલ	કોમપ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોમેશન ટેકનોલોજી	કોમપ્યુટર સાયન્સ	તા.૧૮–૧૦–૨૦૨૨ ઠરાવ ક્રમાંક (૨૮)

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૮–૧૦–૨૦૨૨ ની સભાએ કરેલ ઉપરોકત ભલામણ સ્વીકારી ઉપરોકત શિક્ષકોને પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જયાં શકય હોય ત્યાં હાલની પીએચ.ડી. પ્રવેશની પ્રક્રિયામાં ઉપરોકત માર્ગદર્શક શિક્ષકોને વિદ્યાર્થીઓ ફાળવવા.

૮૯. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીના તા. ૧૨/૧૦/૨૦૨૨ ના પત્ર મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટેનું એકેડેમિક કેલેન્ડર જાહેર થયેલ છે, જેમાં ઉનાળુ વેકેશન કોલેજો માટે ૪૫ દિવસનું (૦૧/૦૫/૨૦૨૩ થી ૧૪/૦૬/૨૦૨૩) છે.

યુનિવર્સિટી વિભાગ માટે ૩૦ દિવસનું (૧૫/૦૫/૨૦૨૩ થી ૧૪/૦૬/૨૦૨૩) રહે તે મુજબ સુધારો કરવા વિનંતી કરેલ છે. યુનિવર્સિટી ડીપાર્ટમેન્ટના વેકેશન અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૮/૧૦/૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૫ અન્વયે કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની તા.૧૮/૧૦/૨૦૨૨ની સભાની ભલામણ ક્રમાંક : ૨૫

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટેનું એકેડેમિક કેલેન્ડર જાહેર થયેલ છે, જેમાં ઉનાળુ વેકેશન યુનિવર્સિટી વિભાગ માટે તા. ૧૧/૦૫/૨૦૨૩ થી તા. ૧૪/૦૬/૨૦૨૩ રાખવું.

(એકેડેમિક વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.

૯૦. **મહાજન અનાથ બાળાશ્રમ, કતારગામ સંચાલિત સૂચિતમહિલા કોલેજ, કતારગામ , સુરત ના આચાર્યશ્રી એ તેમના તા.૨૦/૧૦/૨૦૨૨ ના પત્રક્રમાંક : ૧૦ થી તેઓની કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે સ્વનિર્ભરઅભ્યાસક્રમ બી.કોમ અંગ્રેજી માધ્યમ(ફકતમહિલા)માટેનું નવું જોડાણની સૈધ્ધાતિક પૂર્વ મંજૂરી મળેલ હોય પરંતુ એક પણ પ્રવેશ ફાળવેલ નથી. કોલેજ દ્વારા આગામી શૈ. વર્ષ ૨૦૨૩–૨૪ માં મિશ્ર(Co Education)(બહેનો/ભાઈઓ) ની મંજૂરી આપવા વિનંતી સાથે મહાજન અનાથ બાળાશ્રમ, કતારગામ સંચાલિત મહાજન અનાથ બાળાશ્રમ કોર્મસ કોલેજ (મહિલા), કતારગામ , સુરત ને બદલેમહાજન અનાથ બાળાશ્રમ કોર્મસ કોલેજ, કતારગામ,સુરત કરવા કરેલ વિનંતી નિયત ફી જમા લઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.**

(જોડાણ વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મહાજન અનાથ બાળાશ્રમ, કતારગામ સંચાલિત સૂચિતમહિલા કોલેજ, કતારગામ, સુરતના આચાર્યશ્રીએ તેમના તા.૨૦/૧૦/૨૦૨૨ ના પત્રક્રમાંક : ૧૦ થી તેઓની કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ અંગ્રેજી માધ્યમ (ફકતમહિલા) માટેનું નવું જોડાણની સૈધ્ધાતિક પૂર્વ મંજૂરી મળેલ હોય પરંતુ એક પણ પ્રવેશ ફાળવેલ નથી. કોલેજ દ્વારા આગામી શૈ. વર્ષ ૨૦૨૩–૨૪ માં મિશ્ર (Co Education) (બહેનો/ભાઈઓ) ની મંજૂરી આપવા વિનંતી સાથે મહાજન અનાથ બાળાશ્રમ, કતારગામ સંચાલિત મહાજન અનાથ બાળાશ્રમ કોર્મસ કોલેજ (મહિલા), કતારગામ, સુરતને બદલે મહાજન અનાથ બાળાશ્રમ કોર્મસ કોલેજ, કતારગામ,સુરત કરવા કરેલ વિનંતી નિયત ફી જમા લઈ મંજૂરી આપવી.

૯૧. તા. : ૦૮–૧૦–૨૦૨૨ ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૧ અને ૫ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણ – પ્ર.વિ. અને બાં. સમિતિના ઠરાવ)

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા. : ૦૮–૧૦–૨૦૨૨ ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૫ નો પરિશિષ્ટઃ ' ૨૦ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો અને બાબત ક્રમાંક : ૧ને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

(પરિશિષ્ટઃ ' ૨૦ ')

૯૨. નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સના અધ્યાપક ડો. કે.જી. રાવલ દ્વારા તેમને ઈન્ચાર્જ પ્રિન્સીપાલનો ચાર્જ આપવા બાબતે તા.૨૪–૦૯–૨૦૨૨ના પત્રથી કરેલ વિનંતી સંદર્ભમાં માન. કુલપતિશ્રી નિયુકત સમિતિની સભા તા.૧૭–૧૦–૨૦૨૨ના રોજ મળેલ સભાનો આ સાથેના અહેવાલ મુજબ ડો. એ.કે. સિંઘની ઈન્ચાર્જ આચાર્ય તરીકેની નિમણૂંકને યુનિ.ના ઓર્ડિનન્સ ૩૭ (ડી) અનુસાર માન્યતા આપવામાં આવેલ હોય, જે નિયમાનુસાર થયેલ હોય જો નવેસરથી માન્યતા આપી શકાય તેમ હોય તો તે અંગેનો નિર્ણય સક્ષમ સત્તા મંડળ કરી શકે છે. તેવી ભલામણ કરેલ છે. જે ભલામણ અવલોકને લઈ યુનિવર્સિટીની ઓર્ડિનન્સ–૩૭ (ડી)ની જોગવાઈ મુજબ નિયુકતી આપેલ ડો. એ.કે. સિંઘના સ્થાને ડો. કે.જી. રાવલનો ઈ.ચા.આચાર્યશ્રીનો ચાર્જ ઓર્ડિનન્સ– ૩૭ (D)ની પ્રવર્તમાન જોગવાઈ મુજબ આપવો કે કેમ? તે પર વિચારણા કરવા બાબત...

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,સદર બાબતને Withdraw કરવામાં આવે છે.**

૯૩. યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજો પાસેથી સિન્ડિકેટની તા.૦૫–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૫૩) અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી અભ્યાસ ક્રમ દીઠ રૂા. ૩,૦૦,૦૦૦/– (રૂા. ત્રણ લાખ પુરા)ની ડીપોઝીટ ત્રણ વર્ષ માટે કુલસચિવશ્રીના નામે જમા કરાવવા યુનિવર્સિટી કાર્યાલયના પરિપત્ર ક્રમાંક : એસ–એ. (ફિકસ ડિપોઝીટ)/(૨૧)/૧૫૪૨૭થી તમામ સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી કોલેજોને જાણ કરેલ હોય, સદરહું પરિપત્ર સંદર્ભમાં નીચે મુજબની કોલેજો દ્વારા રૂા. ૩,૦૦,૦૦૦/– (રૂા. ત્રણ લાખ પુરા)ની ફિક્ષ્ડ ડીપોઝીટ જમા કરાવેલ હતી. જમા કરાવેલ ફિક્ષ્ડ ડિપોઝીટ પરત આપવા ટી.એન્ડ ટી.વી. ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગના ઈ.ચા. આચાર્ય દ્વારા તા.૨૯–૦૮–૨૦૨૨ના પત્ર ક્રમાંકઃ 937/ 08/22થી રજૂઆત કરવામાં આવેલ છે.

ક્રમ	કોલેજનું નામ	અભ્યાસક્રમ	એફ.ડી.આર.
૧	ટી. એન્ડ ટી.વી . ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ	M.Sc. Nursing	Central Bank -5256353855 Rs. 3,00,000/-
૨	એ.ઈ.પી.એસ. ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ, અંકલેશ્વર	M.Sc. Chemistry (Organic) Regular	BOB-33860300055959 Rs. 3,00,000/-
૩	એ.ઈ.પી.એસ. ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ, અંકલેશ્વર	M.Sc. Chemistry (Organic) Evening full Time	BOB-33860300055959 Rs. 3,00,000/-
૪	શ્રી સરસ્વતી એમ.એસ. ડબલ્યુ કોલેજ, મોરીયાણા	M.S.W.	BOB-10600300017236 Rs. 3,00,000/-
૫	વેલ્ફર ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ એન્ડ મીડવાઈફરી, ભરૂચ	M.Sc. Nursing	SBI-40826126223 Rs. 3,00,000/-
૬	ધી સાર્વજનિક કોલેજ ઓફ ફિઝીયોથેરાપી, સુરત.	Master of Physiotherapy	UBI-442703030269182 Rs. 3,00,000/-
૭	અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મિડિયમ કોલેજ, સુરત	M.A. Economics	PNB-091010PU00003234 Rs. 3,00,000/-
૮	આત્માનંદ સરસ્વતી સાયન્સ કોલેજ, કાપોદ્રા,સુરત	M.Sc. Chemistry (Organic)	INDIAN Oversis BANK BOMBAY MARKET BRANCH 7247513273 Rs. 3,00,000/-
૯	એન.કે. દેસાઈ સાયન્સ કોલેજ, વાપી.	M.Sc. Chemistry (Organic)	UBI- 264692885 Rs. 3,00,000/-

સિન્ડિકેટની તા.૦૩–૦૮–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંક (૨૭) અન્વયે રૂા. ૩,૦૦,૦૦૦/– (રૂા. ત્રણ લાખ પુરા)ની ફીક્ષ્ડ ડીપોઝીટ જમા કરાવવાનો નિર્ણય આગામી સત્ર સુધી મોકુફ રાખવા ઠરાવેલ હોય, તે ધ્યાને લેતાં ઉપર મુજબની જે સંસ્થા / કોલેજો દ્વારા રૂા. ૩,૦૦,૦૦૦/– (રૂા. ત્રણ લાખ પુરા)ની ફીક્ષ્ડ ડીપોઝીટ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવેલ છે, તે પરત કરવા અંગે વિચારણા કરવા બાબત....

<u>સિન્ડિકેટની તા.૦૫–૧૦–૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંકઃ (૫૩)</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી અભ્યાસક્રમ દીઠ નવા જોડાણો માટે સંસ્થાએ રૂપિયા દસ લાખની ફીકસ ડિપોઝીટ કુલસચિવ સાથે સંયુકત નામે છ વર્ષ માટે અને રૂપિયા ત્રણ લાખની ડીપોઝીટ ત્રણ વર્ષ માટે માત્ર કુલસચિવના નામે જમા કરાવવાની રહેશે, જે ફીકસ ડીતપોઝીટ ત્રણ વર્ષ બાદ રીન્યુ કરવાની રહેશે અને ત્રણ લાખની ડીપોઝીટનું વ્યાજ દર વર્ષે સંસ્થાને પરત કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન ચાલુ જોડાણ ધરાવતી સ્વનિર્ભર કોલેજો ચલાવતી તમામ સંસ્થાએ અભ્યાસક્રમ દીઠ રૂપિયા ત્રણ લાખની ડીપોઝીટ ત્રણ વર્ષ માટે માત્ર કુલસચિવના નામે જમા કરાવવાની રહેશે, જે ફીકસ ડિપોઝીટ ત્રણ વર્ષ બાદ રીન્યુ કરવાની રહેશે અને રૂપિયા ત્રણ લાખની ડિપોઝીટનું વ્યાજ દર ત્રણ વર્ષે સંસ્થાને પરત કરવું.

<u>સિન્ડિકેટની તા.૦૯–૦૬–૨૦૨૨ની સભાનો ઠરાવ ક્રમાંકઃ (૫૩)</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોમાં ચાલતા સ્નાતક અને અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમ સંદર્ભમાં અભ્યાસક્રમ દીઠ ચાલુ જોડાણ તથા નવા જોડાણ ધરાવતી સ્વનિર્ભર કોલેજોએ રૂા.૩,૦૦,૦૦૦/– (કુલ રૂા. ત્રણ લાખ પુરા)ની ડીપોઝીટ ત્રણ વર્ષ માટે કુલસચિવ, મુખ્ય હિસાબી અધિકારી અને સંસ્થાના પ્રતિનિધિના સંયુકત નામે કરાવી તથા આ ડીપોઝીટ ત્રણ પૈકી બે ની સહીથી ઓપરેટ કરવાની રહેશે.

સિન્ડિકેટની તા.૦૩–૦૮–૨૦૨૨ની સભાનો ઠરાવ ક્રમાંકઃ (૨૭)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૦૫–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૫૩) અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી અભ્યાસક્રમ દીઠ જોડાણ માટે સંસ્થાએ૩,૦૦,૦૦૦/– (રૂા. ત્રણ લાખ પુરા)ની ડીપોઝીટ ત્રણ વર્ષ માટે જમા કરાવવા અંગેનો નિર્ણય આગામી શૈક્ષણિક સત્ર સુધી મોકુફ રાખવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કેટલીક સંસ્થાઓની ડિપોઝીટ વારંવાર રીન્યુ થયા પછી વ્યાજ સહિત ખૂબ મોટી રકમ થઈ છે આ રકમ સંસ્થાઓના વિકાસ કામ આવે તે જરૂરી છે જેથી કરીને રાજય સરકારશ્રીને આ ડીપોઝીટનું મૂળ રકમ સિવાયનું આજ પર્યંત જમા થયેલ વ્યાજ જે તે સંસ્થાઓને પરત કરવા માટે રાજય સરકારશ્રીને મંજૂરી આપવા વિનંતી કરવી.

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૯૪. Bachelor of Occupational Therapy વિષયના અભ્યાસક્રમ અંગે ચર્ચા –વિચારણા કરતા ફિઝિયોથેરાપી વિષયની અભ્યાસ સમિતિની તા.૧૫/૦૯/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે નીચે કરેલ ભલામણ તબીબી વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ તબીબી વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૮/૧૦/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨૦ સ્વીકારી નીચે મુજબ સ્ટેટયૂટ–૨૨૩ અને સ્ટેટયૂટ–૨૨૯માં આમેજ કરવા સિન્ડિકેટને ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

ફિઝિયોથેરાપી વિષયની અભ્યાસ સમિતિની તા.૧૫/૦૯/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨

:: આથી ઠરાવવામાં આવે છે કે, Bachelor of Occupational Therapy વિષયના અભ્યાસક્રમ અંગે ચર્ચા વિચારણા કરી વિષય નિષ્ણાંત ડૉ. તિતિક્ષ વર્માનાં સુચનો મુજબ અભ્યાસક્રમમાં જરૂરી સુધારા–વધારા સાથે અભ્યાસક્રમ તૈયાર કરી ચેરમેનશ્રીને જમા કરાવવો. અને આગળની કાર્યવાહી માટે તબીબી વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

એકેડેમિક કાઉન્સિલની તા.૧૮/૧૦/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨૦

:: આથી ઠરાવવામાં આવે છે કે, Bachelor of Occupational Therapy વિષયના અભ્યાસક્રમ અંગે ચર્ચા–વિચારણા કરતા ફિઝિયોથેરાપી વિષયની અભ્યાસ સમિતિની તા.૧૫/૦૯/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે નીચે કરેલ ભલામણ તબીબી વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ તબીબી વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, Bachelor of Occupational Therapy પ્રોગ્રામને Statute-223 અને Statute-229 માં આમેજ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

Statute -223
5. FACULTY OF MEDICINE

Name of Program	Eligibility
BACHELOR OF OCCUPATIONAL THERAPY	• Candidates who have passed the qualifying 12th standard examination (10+2) with science and must have obtained a minimum of 45% for General and 40% for SC, St and OBC category marks in Physics, Chemistry and Biology taken together and passed in English individually. • Candidates are also eligible from State, Open School recognized by State Government and National Institute of Open School(NIOS) recognized by Central Government having Science Subjects and English only. • English is a compulsory subject In 10+2 for being eligible for admission to Allied Health Sciences.

Statute- 229
6. FACULTY OF MEDICINE

Bachelor of Occupational Therapy (BOT)

(સેનેટ / સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૮/૧૦/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨૦થી કરેલ ઉપરોકત ભલામણનો યથાવત સ્વીકાર કરી** Bachelor of Occupational Therapy પ્રોગ્રામને Statute-223 અને Statute-229 માં આમેજ કરવા **આગામી સેનેટની સભામાં સદર બાબતને મેડીકલ ફેકલ્ટીના ડીનશ્રી પાસે રજૂ** (Move) **કરાવવી.**

૯૫. NEP-2020 ના અનુસંધાને આર્કિટેકચર એન્ડ ડિઝાઈન ફેકલ્ટી અંતર્ગત માસ્ટર ઓફ ડિઝાઈન પાંચ વર્ષીય ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ સંદર્ભે આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખા તથા આર્કિટેકચર વિષયની અભ્યાસ સમિતિની સંયુકત સભાની તા.૧૫/૧૦/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૫ થી કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૮/૧૦/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૩૩ સ્વીકારી નીચે મુજબ સ્ટેટયૂટ–૨૨૩ અને સ્ટેટયૂટ–૨૨૯માં આમેજ કરવા સિન્ડિકેટને ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખા તથા આર્કિટેકચર વિષયનીઅભ્યાસ સમિતિની સંયુકત સભાની તા.૧૫/૧૦/૨૦૨૨ નાઠરાવક્રમાંકઃ૫</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે,યુનિવર્સિટીમાં આર્કિટેકચર એન્ડ ડિઝાઈન ફેકલ્ટીમાં પાંચ વર્ષનો માસ્ટર ઓફ ડિઝાઈન (ઈન્ટીગ્રેટેડ) કોર્સનાં પ્રથમ ત્રણ વર્ષનો સિલેબસ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે,

(૧)સદર પ્રોગ્રામ UGC દ્વારામાન્ય હોય યુનિવર્સિટી કક્ષાએ સત્તામંડળની મંજૂરીથી ચલાવી શકાશે.

(૨) યુનિવર્સિટી સ્ટેચ્યુટ ૩૧–૦૭–૨૦૨૨ નાં ચેપ્ટર નં – ૧૪ એડમિશન ટુ ધી યુનિવર્સિટી,સ્ટેચ્યુટ નં–૨૨૩ અને ૨૨૯ અંતર્ગત ક્રમાંક નં–૧૧ માં સૂચવેલ ફેકલ્ટી ઓફ આર્કિટેકચર એન્ડ ડિઝાઈન પ્રોગ્રામનાં લિસ્ટમાં અને તેના માસ્ટર ઓફ ડિઝાઈન (ઈન્ટીગ્રેટેડ)વિષયમાં લાયકાતનાં ધોરણો દર્શાવવા ઘટતી કાર્યવાહી કરવી.તેમજ જે વિદ્યાર્થીઓ ચાર વર્ષ પૂર્ણ કરી અને Exit વિકલ્પ સ્વીકારે તેને બેચલર ઓફ ડિઝાઈન(B.Des.) પદવી આપવી.

Statute 223

11. FACULTY OF ARCHITECTURE AND DESIGN

Name of Program	Eligibility
BACHELOR OF DESIGN MASTER OF DESIGN 5 Year Integrated	Higher Secondary or Equivalent Examination under any stream. Equivalent Examination includes any Diploma or ITI (NCVT/GCVT Certificate) for which recognized board has issued certificate of equivalence certifying equivalence with higher secondary certificate.

Statute 229

12. FACULTY OF ARCHITECTURE AND DESIGN

Bachelor of Design	B. Des.
Master of Design	M. Des.

એકેડેમિક કાઉન્સિલની તા.૧૮/૧૦/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૩૩

:: આથી ઠરાવવામાં આવે છે કે, આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખા તથા આર્કિટેકચર વિષયની અભ્યાસ સમિતિની સંયુકત સભાની તા.૧૫/૧૦/૨૦૨૨ નાઠરાવક્રમાંકઃ૫ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, Statute-223 અને Statute-229 માં ઉપરોકત મુજબ આમેજ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(સેનેટ / સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૮/૧૦/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૩૩ થી કરેલ ઉપરોકત ભલામણનો યથાવત સ્વીકાર કરી** Statute-223 અને Statute-229 માં ઉપરોકત મુજબ આમેજ કરવા **આગામી સેનેટની સભામાં સદર બાબતને આર્કિટેકટ ફેકલ્ટીના ડીનશ્રી પાસે રજૂ** (Move) **કરાવવી.**

૯૬. **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અંતર્ગત પ્રવર્તમાન સ્ટેચ્યૂટ તથા ઓર્ડીનન્સમાં કરવાના થતા ફેરફારોનો મુસ્દો તૈયાર કરવા તથા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના અમલીકરણ અંગે જરૂરી નિર્ણયો/ ભલામણો કરવા આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખાની ઓનલાઈન તા.૨૮/૦૭/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧ અને ૨ થી કરેલ ભલામણ જે અંગે એકેડેમિક કાઉન્સિલ તા.૩૧/૦૭/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૫ અન્વયે નીચે મુજબ ભલામણ કરેલ છે. અને તે અંગે ચર્ચા કરતાં આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખા તથા આર્કિટેકચર વિષયની અભ્યાસ સમિતિની સંયુકત સભાની તા.૧૫/૧૦/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૭ અન્વયે કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૮/૧૦/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૩૫ સ્વીકારી નીચે મુજબ સ્ટેટયૂટ–૨૨૩ અને સ્ટેટયૂટ–૨૨૯માં આમેજ કરવા સિન્ડિકેટને ભલામણ કરેલ છે. જે ભલામણ ૫૨ વિચારણા કરવા બાબત.**

<u>આર્કિટેકચર એન્ડ ડીઝાઈન વિદ્યાશાખાની ઓનલાઈન તા.૨૮/૦૭/૨૦૨૧ની સભાનાંઠરાવ ક્રમાંકઃ ૧ અને ૨</u>

(૧) :: આથી ઠરાવવામાં આવે છે કે, આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખામાં ચલાવવામાં આવતા બી.આર્ક. તથા એમ.આર્ક. કોર્ષ સંપૂર્ણ પણે કાઉન્સિલ ઓફ આર્કિટેકચરના નિયત ધારા ધોરણો મુજબ જ ચલાવવાનાં હોય અને તે માટે યુનિવર્સિટી કક્ષાએ યોગ્ય માળખાકીય વ્યવસ્થા અને સ્ટેટયૂટ તથા ઓર્ડિનન્સ હોવાથી કોઈ પણ પ્રકારના ફેરફારની આવશ્યકતા નથી.

(૨) :: આથી ઠરાવવામાં આવે છે કે, ડોકટરલ પ્રોગ્રામ (Ph.D)માટે વિદ્યાશાખામાં કાઉન્સિલ ઓફ આર્કિટેકચરના લેટેસ્ટ ગેઝેટેડ ડોકયુમેન્ટ– ૨૦૨૦ માં (Ph.D) માટે સ્પષ્ટતા ન હોવાથી યુજીસી અથવા કાઉન્સિલ ઓફ આર્કિટેકચર(Guide line-2016) કે A.I.C.T.E. પૈકી કયા ધારા ધોરણો લાગુ પાડવા તે બાબત સંપૂર્ણ એકેડેમિકકાઉન્સિલમાં ચર્ચા માટે રજૂ કરી યોગ્ય નિર્ણય લેવો. અને તેને અનુરૂપ સ્ટેટયૂટ તથા ઓર્ડિનન્સમાં ફેરફાર સૂચવવા.

<u>એકેડેમિકકાઉન્સિલ તા.૩૧/૦૭/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧૫</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે,આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખાની તા.૨૮/૦૭/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧ નો સ્વીકાર કરવામાં આવે છે અને ઠરાવ ક્રમાંક :૨ માટે યુનિવર્સિટીના પ્રવર્તમાન ઓર્ડિનન્સની જોગવાઈઓ કરતા કાઉન્સિલ ઓફ આર્કિટેકચર તેમજ A.I.C.T.E ની જોગવાઈઓ કઈરીતે જુદી પડે છે તેના અહેવાલ સહિત રજૂ કરવા આર્કિટેકચર ફેકલ્ટીને જણાવવું.

<u>આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખા તથા આર્કિટેકચર વિષયની અભ્યાસ સમિતિની સંયુકત સભાની તા.૧૫/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંકઃ ૭</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં પ્રવર્તમાન Ph.D. ઓર્ડિનન્સની જોગવાઈઓ કરતાં COA અને AICTE ની જોગવાઈઓ કઈ રીતે જુદી પડે છે તેના અહેવાલની રજૂઆત કરવા આર્કિટેકચર ફેકલ્ટીને જણાવ્યું હતું તે અંતર્ગત ઉપરના મુદ્દાઓમાં કરેલ સ્પષ્ટતા અન્વયે AICTEની જોગવાઈઓ આર્કિટેકચર વિષય માટે લાગુ પડતી ન હોવાથી ફકત COA ની ગાઈડલાઈન્સ ધ્યાનમાં લેવામાં આવેલ છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે,યુનિવર્સિટી સ્ટેચ્યુટ ૩૧–૦૭–૨૦૨૨નાં ચેપ્ટર નં–૧૪ એડમિશન ટુ ધી યુનિવર્સિટી, સ્ટેચ્યુટ નં–૨૨૩ અને ૨૨૯ અંતર્ગત ક્રમાંક નં–૧૧ માં સૂચવેલ ફેકલ્ટી ઓફ આર્કિટેકચર એન્ડ ડિઝાઈન પ્રોગ્રામનાં લિસ્ટમાં Doctor of Philosophy(Ph.D) અને તેના વિષયમાં લાયકાતનાં ધોરણો દર્શાવવા ઘટતી કાર્યવાહી કરવી.

Statute 223

11. FACULTY OF ARCHITECTURE AND DESIGN

Name of Program	Eligibility
Doctor of Philosophy	As per Apex Body

Statute 229

12. FACULTY OF ARCHITECTURE AND DESIGN

Doctor of Philosophy (Ph.D.)

એકેડેમિક કાઉન્સિલની તા.૧૮/૧૦/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૩૫

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખા તથા આર્કિટેકચર વિષયની અભ્યાસ સમિતિની સંયુકત સભાની તા.૧૫/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંકઃ ૭ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી મંજુર કરવામાં આવે છે.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, Statute-223 અને Statute-229 માં ઉપરોકત મુજબ આમેજ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(સેનેટ / સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૮/૧૦/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૩૫ થી કરેલ ઉપરોકત ભલામણનો યથાવત સ્વીકાર કરી Statute-223 અને Statute-229 માં ઉપરોકત મુજબ આમેજ કરવા આગામી સેનેટની સભામાં સદર બાબતને આર્કિટેકટ ફેકલ્ટીના ડીનશ્રી પાસે રજૂ** (Move) **કરાવવી.**

૯૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના Act 16 (1) Class I - Ex - officio Members (A) (v)ની જોગવાઈ અન્વયે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલસચિવશ્રી ડૉ.રમેશદાન ચંડીદાન ગઢવી સેનેટ સભ્ય બનતા, એકટ 23 (1)માં દર્શાવ્યા મુજબની વિદ્યાશાખા એનાયત કરવાની હોય, જે સંદર્ભમાં તેમના દ્વારા વિનયન વિદ્યાશાખા એનાયત કરવા સંમતિ આપેલ છે. જે સંદર્ભે તેમને યુનિવર્સિટી એકટની કલમ 23 (2)(i) અન્વયે વિદ્યાશાખા એનાયત કરવા વિચારણા કરવા બાબત.

નોંધ : વિદ્યાશાખા પસંદગીનું ફોર્મની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૯૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના Act 16(1)Class II - Ordinary Members (A) (i), (ii), (iii), (iv)(e), Act 16(1)Class II - Ordinary Members (A)(C) તથા Act 16 (1) Class II - Ordinary Members (A) (iv) (c) અને Statute - 12(A)ની જોગવાઈ અન્વયે નીચે મુજબના સેનેટ સભ્ય બનતા, એકટ 23 (1) માં દર્શાવ્યા મુજબની વિદ્યાશાખા એનાયત કરવાની હોય, જે સંદર્ભમાં તેમના દ્વારા નીચે મુજબની વિદ્યાશાખા એનાયત કરવા સંમતિ આપેલ છે. જે સંદર્ભે તેમને યુનિવર્સિટી એકટની કલમ 23 (2)(i) અન્વયે વિદ્યાશાખા એનાયત કરવા વિચારણા કરવા બાબત.

ક્રમ	સેનેટ સભ્યશ્રીઓનાનામ	પસંદ કરેલ વિદ્યાશાખા
Act 16 (1) Class II - Ordinary Members (A) (i)		
(૧)	પટેલ મનિષકુમાર લલ્લુભાઈ	વિનયન
(૨)	રસિકભાઈ ધનજીભાઈ ઝાંઝમેરા	વિનયન
Act 16 (1) Class II - Ordinary Members (A) (ii)		
(૩)	ઠાકોર કમલેશભાઈ મોહનભાઈ	તબીબી
(૪)	મહેશભાઈ રામશંકર પંડયા	તબીબી
Act 16 (1) Class II - Ordinary Members (A) (iii)		
(૫)	ઠાકોર સુરવીરસિંહ ઈશ્વરસિંહ	વિનયન
(૬)	ભરતભાઈ પી.પાઠક	વિનયન
(૭)	ડૉ.વિમલ અનંતરાય પંડયા	કાનૂન

(૮)	ડૉ.વી. યુ. ચવાન	તબીબી
(૯)	દેસાઈ મનોજકુમાર૨મેશચંદ્	વાણિજય
(૧૦)	મિનેશકુમાર હમીરસિંહ નિઝામા	શિક્ષણ
(૧૧)	ડૉ.દીપકભાઈ ગમજીભાઈ ભોયે	ગ્રામઅભ્યાસ
(૧૨)	દેસાઈ અજયકુમાર કનૈયાલાલ	હોમીયોપેથીક
(૧૩)	ડૉ.ધર્મેશ રમેશભાઈ જુરેમલાણી	આર્કીટેકચર એન્ડડીઝાઈન
Act 16 (1) Class II - Ordinary Members (A) (iv)(e)		
(૧૪)	નાથાણી અમિતભાઈ પ્રવિણભાઈ	વિજ્ઞાન
(૧૫)	પટેલ ચેતન રતિલાલ	તબીબી
(૧૬)	જરીવાળા પ્રધ્યુમન કેતનભાઈ	વાણિજય
(૧૭)	રાજયગુરૂ ભાર્ગવ નિતેશભાઈ	શિક્ષણ
(૧૮)	બાગરેચા દિશાંત નરેશ	મેનેજમેન્ટ સ્ટડીઝ
(૧૯)	પટેલ સતિષ દામજીભાઈ	હોમીયોપેથીક
(૨૦)	કોન્ટ્રાકટર ભિષમ નિતિન	આર્કીટેકચર એન્ડડીઝાઈન
Act 16 (1) Class II - Ordinary Members (A) (C)		
(૨૧)	ડૉ.ભરત એ. પટેલ	તબીબી
Act 16 (1) Class II - Ordinary Members (A) (iv) (c) અને Statute - 12 (A)		
(૨૨)	શ્રી મંગળભાઈ જી.ગાવિત	શિક્ષણ

નોંધ : (૧) ઉપરોકત નવનિયુકત સભ્યશ્રીઓ સિવાય અન્ય ચૂંટાયેલ/ બિનહરીફ જાહેર થયેલ અને અગાઉ સેનેટ સભ્યપદ ધરાવતા સભ્યશ્રીઓની વિદ્યાશાખા અગાઉ મુજબ યથાવત રાખવામાં આવેલ છે.

(૨) વિદ્યાશાખા પસંદગીના ફોર્મની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૯૯. સોંદરબા રામસિંહ માંગરોલા ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ સ્ટડીઝ, મણિબા જ્ઞાનદીપ હોસ્ટેલ પાસે, દેસાડ રોડ, વાલિયા, જિ.ભરૂચની નીચે દર્શાવેલ વિગતે બી.એસસી.કેમેસ્ટ્રીના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૦૫–૧૦ –૨૦૨૧ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૬) અન્વયે માનનીય કુલપતિશ્રી નિયુકત સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સિન્ડિકેટની તા.૩૧–૧૨–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૮૩) અન્વયે ઓનલાઈન LIC કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ એકેડેમિક કાઉન્સિલની તા.૦૪–૦૫–૨૦૨૨ની ભલામણ ક્રમાંકઃ (૦૩) થી સિન્ડિકેટને કરેલ ભલામણ પર સિન્ડિકેટની તા.૧૨–૦૫–૨૦૨૨ ના રોજની સભાએ તેમાં ઠરાવ ક્રમાંકઃ (૮૦) અન્વયે ચકાસણી સમિતિ નિયુકિત કરવા ઠરાવેલ હોય, જે અન્વયે માનનીય કુલપતિશ્રીએ ચકાસણી સમિતિની નિયુકિત કરેલ હતી. ચકાસણી સમિતિના ચેરમેનશ્રીએ પાઠવેલ પત્ર મુજબ સદર કોલેજને શરતોની પુર્તતા કર્યા બાદ ચકાસણી સમિતિની સભા ગોઠવવાનું જણાવેલ હોય, પરંતુ તેમના તરફથી કોઈ પ્રત્યુતર મળેલ ન હોય, તેથી હાલમાં સદર કોલેજમાં માન્ય અધ્યાપકો નથી એમ જણાવેલ છે. સદરહુ કોલેજ પાસેથી યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અધ્યાપકોની માહિતી દિન–૫ માં રજુ કરવા યુનિવર્સિટી કાર્યાલયના તા.૦૨–૧૧ –૨૦૨૨ થી જણાવેલ છે. આજ દિન સુધી સદર કોલેજે યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અધ્યાપકોની માહિતી યુનિવર્સિટીમાં જમા કરાવેલ ન હોય, જેની જાણ સાથે કોલેજના ચાલુ જોડાણની અરજી/વિનંતી બાદ તા.૧૯–૧૦–૨૦૨૨ના રોજ યુનિવર્સિટીમાં જમા કરાવેલ (રૂા.૩૦૦/–સ્ટેમ્પ પેપર સાથે) બાહેધરી પત્રકમાં ૧ માસમાં શરતોનું યથાર્થ પાલન કરવાની જાણ કરેલ હોય, જે શરતો પૈકી અધ્યાપકની નિમણુંકની કાર્યવાહી થયેલ ન હોય, જે અવલોકને લેતા સદરહુ કોલેજ ચાલુ જોડાણ મંજુર કરવું કે કેમ, તે પર વિચારણા કરવા બાબત.

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૧૦૦. વિધાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ,અડાજણ,સુરતના પ્રમુખશ્રીએ તેમના તા.૧૦–૧૧–૨૦૨૨ના પત્રક્રમાંક VCT/329/2022 થી તેઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી બેચરલ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન (એક ડિવિઝન) સ્વનિર્ભરઅભ્યાસક્રમનું નવું જોડાણ મેળવવા માટે કરેલ જોડાણઅરજીના સંદર્ભમાં તેઓ ઈન્ટીરીયર ડિઝાઈન કરેલ અરજી પરત ખેંચવાની જાણ કરવા સાથે ફી રીફંડ કરવા વિનંતી કરેલ છે જે વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધઃ–** (૧) ઓર્ડિનન્સ ૬૬માં ફી પરત કરવા બાબતે જોગવાઈ નથી.

(૨) <u>સિન્ડિકેટની તા.૧૦–૧૨–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૦૦)અન્વયે નીચે મુજબ ઠરાવેલ છે.</u>

- **આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત વિદ્યાદીપ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન, વિદ્યાદીપ કેમ્પસ, મુ.પો. અણિતા(કીમ), તા.ઓલપાડ, જિઃ સુરતની શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૦૨૩ માટેની જોડાણ અરજીના સંદર્ભમાં NEED કમિટિના અહેવાલનો સ્વીકાર કરી સ્થાનિક તપાસ સમિતિની નિમણુંક કરવી.**

(૩)સંસ્થાનો પત્ર આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ,અડાજણ,સુરતના પ્રમુખશ્રીએ તેમના તા.૧૦–૧૧–૨૦૨૨ના પત્રક્રમાંક VCT/329/2022 થી તેઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩થી બેચરલ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન (એક ડિવિઝન) સ્વનિર્ભર અભ્યાસક્રમનું નવું જોડાણ મેળવવા માટે કરેલ જોડાણ અરજીના સંદર્ભમાં તેઓ ઈન્ટીરીયર ડિઝાઈન કરેલ અરજી પરત ખેંચવાની જાણ કરવા સાથે ફી રીફંડ કરવા કરેલ વિનંતી ગ્રાહ્ય રાખી ઓર્ડિનન્સ–૬૬ અનુસાર ૮૦ ટકા રકમ પરત કરવી.**

૧૦૧. ધારે બનેટ દાહોદ ખુબરારા યુનિવર્સિટીના ICC (ઇન્ટર્નલ કમ્પ્લેઇન્ટ કમિટી) ના ધ્રુવીકરણ બાબતે ઇમરજન્સી બિલાગણા બાબતેના પ્રોફેસર ડા.ચુબ્બા ઠાકરદાર ના તા.□□/□□/□□□□ ના લાબ્રેટરીના લાગણા ઠરાવ ક્રમા : □□□ નુબ્બ મહા વર્ષ માટે બિનબુડ કરવામા બાવલ હ , □□□ બરણા કમિટીમાવા □□.□□.□□. □□□□□□ (લત્તા ઠરાલ □□□□)ના બિલાગાવ બડાબા રારાડ બિનબુડ વારા માગણ કુલપતિશ્રા મારા ડા.બાબારાકુમાર બ .□□□□□ (બવરાલ્ત બિલાગ) □□ □ □.□□.□□. (Internal Complaint Commtttee) ના લક્ષ્ય રારાડ વરાલેના કરવામા બાવલ . બવુના કુબા મહા બિવાવાબ્બા (□) બારબ્ડ પૂબાલા બા. (લત્તા ઠરાલ □□□□) (□)બલા ડારમબ્બા બનબ્બકુમાર (બાહારાલ્ત બિલાગ) (□) બલા બક્ષબ્ય □□. (રત્તાબહારાલ્ત બિલાગ) ના બાવલા યુનિબાલા બારા બબ્બાલ્ત પૂબ્ન વારા યુનિબાલાના રામાન બબુલ્બારાડ બિલાગા બાલ્લબા મહા બામા મળબા ડ્રા બાદ રામના લ્યાબ બબા મહા બામ (ર્ગ) ઠબ બહા બા . (બાહારાલ્ત બિલાગ) (□) બાડ બારમા યુડરાલાઠ(યુલબાલાડ લ્લાહબ બિલાગ) (□) ઠડલા બગુઠકુમાર ડરારનાઠ (બાડડરાલ્ત બિલાગ) □ □.□□.□□.ના લક્ષ્ય રારાડ લ્લમાવરા કરવામા બાવલ છ.

UGC □□ 2nd May -2016 □□NOTIFICATION બા નુદ્વા બ.ર્ગ(A) □□□ (B)બા બાબ નુ૦□□□ □□□ બબુલ્બાર ICC □□ □□□□□ ધ્રુવીકરણમા બાઇલ્લર ર્ગ.ચુબ્બા ઠાકરદારના બ્બબ્બાબ બબ્બ બામ રાબા બબ્બ બ બિબ્બ રાદ્વાલ્ડ લ્લબ્બાબા બામ બજ્જા કરવા બિચારણા કરવા બાબત.

(A) A Presiding Officer who shall be a woman faculty member employed at a senior level (not below a Professor in case of a university and not below an Associate Professor or Reader in case of a college) at the educational institution, nominated by the Executive Authority.

(B) Two faculty members and two non – teaching employees, preferably committed to the cause of women or who have had experience in social work or have legal knowledge, nominated by the Executive Authority.

બિગત: □. UGC REGULATIONS, 2015 બબુલ્બાર ICC□□□□□□□□□□ □□□

□. ICC બા ઇલબા લ્લબ્બાબા બાવ.

(આઈ. સી. સી.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.

૧૦૨. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમની ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં સિન્ડીકેટની તા.૯–૬–૨૦૨૧ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૨૭) થી ઓર્ડિનન્સ ૬૬માં સુધારા વધારા કરવા સમિતિ નિયુક્ત કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવામાં આવેલ હોય જે અન્વયે નિયુક્ત સમિતિની ભલામણને સિન્ડીકેટની તા. ૨૫–૮–૨૦૨૨ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૬૬) અન્વયે યથાવત સ્વીકારી તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી કરવા ઠરાવેલ છે, જે સંદર્ભમાં નીચેની વિગતે એફીલીએશન ફી અને સ્ટુડન્ટ ડેવલપમેન્ટ ફીનો અમલ કરવા વિચારણા કરવા બાબત.

(૧) પ્રવર્તમાન ઓર્ડિનન્સ ૬૬ ની જોગવાઈમાં ચાલુ જોડાણની એફીલીએશન ફી ની જોગવાઈ ન હોય, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪ દરમ્યાન નીચેની વિગતે અભ્યાસક્રમ દીઠ ફકત પ્રોસેસિંગ ફી (નોન રિફંડેબલ) રૂા ૨૦૦૦૦/– જમા મળેલ છે, જેની જાણ સાથે પ્રવર્તમાન ઓર્ડિનન્સમાં ચાલુ જોડાણની એફીલીએશન ફી સ્વીકારવાની જોગવાઈ ન હોય તે ધ્યાને લેતા પ્રવર્તમાન ઓર્ડિનન્સ અમલ કર્યા તારીખ પહેલા અમલી ઓર્ડિનન્સ ૬૬ ની જોગવાઈ મુજબની ચાલુ જોડાણની એફીલીએશન ફી સ્વીકારવાનો અમલ કરવો કે કેમ ?

સિન્ડીકેટના ઠરાવનો અમલ કર્યા પહેલાની એકત્રીત ફી	સિન્ડીકેટના ઠરાવનો અમલ કર્યા બાદની એકત્રીત ફી

૨૦૨૧–૨૨ એફીલીએશન ફી / પ્રોસેસિંગ ફી જમા મળેલ અંદાજીત રકમ	૨૦૨૨–૨૩ એફીલીએશન ફી / પ્રોસેસિંગ ફી જમા મળેલ અંદાજીત રકમ	૨૦૨૩–૨૪ એફીલીએશન ફી / પ્રોસેસિંગ ફી જમા મળેલ અંદાજીત રકમ
રૂા. ૨,૩૬,૫૨,૯૯૫/–	રૂા. ૫૬,૫૯,૨૦૦/–	રૂા. ૫૨,૭૩,૪૦૦/–

નોંધ : શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન ઠરાવ્યા તારીખ સુધીમાં મહદઅંશે કોલેજોએ એફીલીએશન ફી જમા કરાવેલ હતી.

(૨) **પ્રવર્તમાન ઓર્ડિનન્સ (૬૬) મુજબ સ્ટુડન્ટ ડેવલપમેન્ટ ફંડ સેમેસ્ટર દિઠ સ્વીકારવાની જોગવાઈ હોય જે જોગવાઈનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી કરવાનો હોય પરંતુ વિભાગની તા.૧૭–૩–૨૦૨૨ની નોંધ પર માન. કુલપતિશ્રીના મળેલ આદેશ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે સ્ટુડન્ટ ડેવલપમેન્ટ ફી સત્ર દીઠને બદલે વાર્ષિક ધોરણે સ્વીકારેલ છે, જે ફી ઓર્ડિનન્સ ૬૬ ની જોગવાઈ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી સત્ર દીઠ સ્વીકારીએ કે કેમ ?**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને Withdraw કરવામાં આવે છે.**

૧૦૩. ગણિતશાસ્ત્ર વિભાગના વિભાગીય વડાશ્રીના આ સાથે સામેલ તા. ૨૪–૧૧–૨૦૨૨ના પત્રાંકઃ ગણિત/ પરીક્ષા/ ૮૩૦૭/ ૨૦૨૨થી શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૨–૨૩ દરમ્યાન એમ.એસસી. (મેથેમેટીકસ) સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી બાબતેના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધઃ ઓર્ડિનન્સ ૬૦ અને ૬૧ ની જોગવાઈ નીચે મુજબ છેઃ

0.60: The minimum attendance required for granting a term or a semester of a student shall be 75% of the total number of days or which classes have run in a given term / semester In all the faculties. For Post Graduate classes and for Faculty of Technology including Engineering the 75% of attendance shell be counted on the basis of lectures and practical work, drawing Projects etc, to be attended by a student. However, in case if late admission either on account or revision of examination results (Rule No. IX) or being on the waiting list of admission the attendance for the First Term shall be counted from the date on which the late admission is given.

A student whose attendance is falling short by 40% of

minimum required attendance in the first term of the academic year shall be required to attend classes in the second term so that the total attendance of the second term shall be 90% of the working days of the second term. However, this will not apply to those faculties where semester system is in operation.

0.61: (1) When the total attendance of a student in a term falls short of requirement under Ordinance - 60 either on account of bona fide illness or for any other extra-ordinary reasons deemed sufficient by the respective authorities said deficiencies may be condoned as follows:

(a) Deficiencies up to 15% (i. e. Where attendance is 60% or above) by the Principal of a College / Head of the University Department / Head of the approved Institution / Head of the Recognized Institution.

(b) Deficiencies above 15% and up to 25% (i. e. where attendance is between 60% and 50%) by the Vice - Chancellor.

Notwithstanding anything contained in (a) and (b) above the cases which are not condoned by the principal and/or the ViceChancellor respectively. These cases may be referred by ViceChancellor to the Syndicate.

(c) <u>Deficiencies above 25% but not exceeding 40% (i. e. where attendance is between 50% and 35%) by the Syndicate.</u>

(2) <u>It is further provided that deficiency exceeding 40% shall not be condoned under any circumstances.</u>

(3) Any under graduate student of an affiliated college or any Post-Graduate student registered with the University whose attendance is falling short of the minimum attendance required in a term as prescribed under O.60 and applying for condonation of such deficiency in attendance on medical ground shall submit with his/her application a medical certificate from a Registered Medical Practitioner.

Provided that such application and certificates shall be submitted to the Head of the respective Institution

immediately after the student has fallen ill and the date of the receipt of that certificate shall be entered on the certificate by the Head of the Institution concerned. The Head of the Institution shall arrange to send all such applications to the University Immediately after the close of the term together with all details of attendance.

Provided that if any candidate is declared pass after the end of first term / semester of the following academic year, he may not be admitted to the higher class of any college or Institution. Where there is no provision for admission of fresh student from second term / semester during an academic year.)

(અનુસ્નાતક વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.

૧૦૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટી મેનેજમેન્ટ સિસ્ટમ પૂરી પાડવા માટે કાર્યાલયના પત્રાંકઃજન/ERP/૧૧૯૫૬/૨૦૧૭, તા.૦૪/૦૭/૨૦૧૭ થી Guj Info Petro Limited, Gandhinagar ને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જે અંતર્ગત નાણાં સમિતિની તા.૧૬/૦૯/૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ૧૬ના ઠરાવ્યાનુસાર GIPL નું બાકી બીલ (રૂા.૬૧,૯૧,૭૭૭/–) મુજબનું કામ કંપની દ્વારા થયું છે કે નહિ, થયું છે તો કેટલું થયું છે અને નથી થયું તો કેટલું નથી થયું તેની ચકાસણી અર્થે આ અગાઉ સિન્ડિકેટે ચકાસણી માટે નિમેલ કમિટિને રીફર કરાવવાનું ઠરાવતા સદર સમિતિની સભા તા.૧૮/૧૧/૨૦૨૨ના રજૂ કરેલ અહેવાલ અંતર્ગત કાર્યાલયની તા.૨૮/૧૧/૨૦૨૨ની નોંધ અન્વયે દર અઠવાડીયે ૧૦ લાખ (કુલ રૂા.૪૦,૦૦,૦૦૦/–) તા.૨૧/૧૨/૨૦૨૨ સુધી ચુકવણું કરવા હિસાબી વિભાગને કાર્યાલયના પત્રાંકઃજન/GIPL/૨૮૬૪૩/૨૦૨૨, તા.૩૦/૧૧/૨૦૨૨ થી GIPL ને ચૂકવવા જણાવેલ છે.

વધુમાં Guj Info Petro Limited, Gandhinagar દ્વારા Software As Service (SAS) (For University Management System 5th Year-1st Semester Billing (6 Month)),Minimum Commitment 2,50,000 per Exam, Rs.62.36/- per Year, I.E. Rs.31.18/- Per Student (Half Semester), 2,50,000 Students *Rs.31.18/- Per Student નું બીલ નં.INV20220291, dt.17-10-2022થી રૂા.૯૧,૯૮,૧૦૦/– (CGST/ SGST સહિત) નુ બીલ રજૂ કરેલ છે.

જેથી સદરહું GIPL ને રૂા.૬૧,૯૧,૭૭૭/– રકમ માંથી રૂા.૪૦,૦૦,૦૦૦/– ચૂકવણી કરી દેવામાં આવતા બાકી રહેલ રકમ રૂા.૨૧,૯૧,૭૭૭/– તથા ઉપરોકત GIPL એ રજૂ કરેલ બીલની રકમ રૂા.૯૧,૯૮,૧૦૦/– આમ કુલ રકમ (૨૧,૯૧,૭૭૭+૯૧,૯૮,૧૦૦) **રૂા.૧,૧૩,૮૯,૮૭૭/–** GIPL ને ચુકવણી અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.

૧૦૫. Guj Info Petro Limited, Gandhinagar ના CEO દ્વારા નીચે મુજબ પત્રો રજૂ કરેલ હતા.

Sr. No.	GIPL Letter No.	Subject
1.	GIPL/CEO/VNSGU/May22/127, dt.09-05-2022	Bulk emailing Services
2.	GIPL/CEO/VNSGU/Jul22/342, dt.08-07-2022	AWN 020 for UMS for Placement Module
3.	GIPL/CEO/VNSGU/Jul22/341, dt.08-07-2022	AWN 020 for UMS for Youth Event Integration
4.	GIPL/CEO/VNSGU/ Sep21/569, dt.24-09-2021	Proposal for Development of Financial Accounting System
5.	GIPL/CEO/VNSGU/Jan22/966, dt.01-01-2022	AWN 010 for University Management System

ઉપરોકત GIPL રજૂ કરેલ પત્રો પર ઘટતી કાર્યવાહી કરવા અંગે ૧) ડૉ. અપૂર્વ દેસાઈ, ૨) પ્રિ. ડૉ. દિલિપભાઈ વરસાણી, આચાર્યશ્રી, ૩) ડૉ. રૂસ્તમ મોરેના અને ૪) શ્રી કલ્પેશ ચાંપાનેરીની સમિતિના સભ્યોને રીફર કરવામાં આવતા સદર સમિતિની સભા તા.૧૮/૧૧/૨૦૨૨ ના રોજ કોમ્પ્યુટર સાયન્સ ભવન ખાતે મળેલ હતી. જે અન્વયે સમિતિના સભ્યોએ રજૂ કરેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.

૧૦૬. Guj Info Petro Limited ના CEO દ્વારા રજૂ કરેલ Proposal for renewal of UMS-ERP બાબતે ૧) ડૉ.અપૂર્વ દેસાઈ, ૨) પ્રિ.ડૉ.દિલિપભાઈ વરસાણી, આચાર્યશ્રી, ૩) ડૉ.રૂસ્તમ મોરેના અને ૪) શ્રી કલ્પેશ ચાંપાનેરીની સમિતિના સભ્યોને રીફર કરવામાં આવતા સદર સમિતિની સભા તા.૧૮/૧૧/૨૦૨૨ના રોજ કોમ્પ્યુટર સાયન્સ ભવન ખાતે મળેલ હતી. જે અન્વયે સમિતિના સભ્યોએ રજૂ કરેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૧૦૭. તા.૦૭-૧૨-૨૦૨૨ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૭, ૮, ૧૨, ૧૭, ૧૮, ૧૯ અને ૨૨ અંગે વિચારણા કરવા બાબત.

બિડાણ : નાણાં સમિતિની સભાની મીનીટ્સ/ભલામણ.

(હિસાબી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૦૭-૧૨-૨૦૨૨ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૭, ૮, ૧૨, ૧૭, ૧૮, ૧૯ અને ૨૨ નો પરિશિષ્ટ : ' ૨૧ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો.**

(પરિશિષ્ટ: ' ૨૧ ')

૧૦૮. તા.૦૭-૧૨-૨૦૨૨ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૬, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ ના ઠરાવની નોંધ લેવા બાબત.

બિડાણ : નાણાં સમિતિની સભાની મીનીટ્સ/ભલામણ.

(હિસાબી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૦૭-૧૨-૨૦૨૨ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૬, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ ના ઠરાવની નોંધનો પરિશિષ્ટ : ' ૨૨ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો.**

(પરિશિષ્ટ: ' ૨૨ ')

૧૦૯. યુનિવર્સિટી દ્વારા ઓકટોબર/નવેમ્બર–૨૦૨૨ દરમ્યાન લેવાનાર પરીક્ષાઓની ઉત્તરવહીઓની બંચીંગ/બાઈંડીંગ તેમજ મૂલ્યાંકન કરાવવા જેવી પરીક્ષાઓની કામગીરી દૈનિક રોજમદાર કર્મચારીઓ પાસે કરાવવામાં આવે છે. જે અંગે અત્રેના વિભાગની તા.૦૬/૧૦/૨૦૨૨ ની કાર્યાલય નોંધમાં જણાવ્યા પ્રમાણે વહીવટી વિભાગ દ્વારા આપવામાં આવેલ ટચૂકડી જાહેરાત થી તા.૦૩/૧૦/૨૦૨૨ ના રોજ મા.કુલપતિશ્રી નિયુકત સમિતિ ના સભ્યોએ જુ.કલાર્ક તેમજ પટાવાળાની સ્કીલ ટેસ્ટ રાખેલ, જેમાં આ સાથે સામેલ યાદી મુજબ જુ.કલાર્ક તેમજ પટાવાળાની પસંદગી કરવામાં આવેલ છે.

વધુમાં, પરીક્ષા વિભાગની તા.૨૪/૦૯/૨૦૨૨ી કાર્યાલય નોંધમાં જણાવ્યા મુજબ મૂલ્યાંકન ભવન ખાતે ચાલતી પરીક્ષાની અતિગોપનીય કામગીરી માટે રોજમદાર કર્મચારીઓની ભરતી કરવામાં આવેલ છે, જે સંદર્ભે **શ્રમ, કોશલ્ય, વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર ના તા.૦૫ મે, ૨૦૨૨ ના નોટીફીકેશન ને (આ સાથે સામેલ છે)** ને અવલોકને લેતાં **ઉપરોકત રોજમદાર કર્મચારીઓની પગાર બાબત નાણા સમિતિને ભલામણ કરેલ,** જે **નાણા સમિતિએ તેની તા.૦૬–૧૦–૨૦૨૨ ની સભા ના ઠરાવ ક્રમાંક : (૯)** મુજબ **સરકારશ્રીના ધારાધોરણ મુજબ કાર્યવાહી કરવી. વધુમાં,** યુનિવર્સિટીની તા.૨૩/૧૧/૨૦૨૨ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશનુસાર લીગલ અભિપ્રાય મળેલ હોય જે અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા (મૂલ્યાંકન) વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને Withdraw કરવી.**

૧૧૦. શ્રી સુરત જિલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ અને સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટસ કોલેજ, ઓલપાડ, સુરતના આચાર્યશ્રીએ તેમના તા.૨૮–૧૧–૨૦૨૨ના પત્ર ક્રમાંકઃ ૪૯૨/૨૦૨૨–૨૩ થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૪ થી F.Y. B.Com. ગ્રાન્ટ ઈન એઈડમાં ૪(ચાર) ડિવિઝનો પૈકી ૧ (એક) ડિવિઝન અંગ્રેજી માધ્યમમાં ચલાવવા મંજૂરી આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.
(નોંધ : પત્રની નકલ બિડાણ તરીકે સામેલ છે.)

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૧૧૧. પરીક્ષા FACT કમિટીની તા.૦૯/૧૨/૨૦૨૨ની સભાની નોંધ/ભલામણો પર વિચારણા કરવા બાબત...

(નોંધ–પરીક્ષા FACT કમિટીની ઉપરોકત સભાની નોંધ/ભલામણો આ સાથે સામેલ છે.)

(પરીક્ષા (**FACT**) વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** પરીક્ષા FACT કમિટીની તા.૦૯/૧૨/૨૦૨૨ની સભાની નોંધ/ભલામણો **નો પરિશિષ્ટ : ' ૨૩ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો.**

(પરિશિષ્ટ : ' ૨૩ ')

૧૧૨. પરીક્ષા FACT કમિટીની તા.૧૩/૧૨/૨૦૨૨ની સભાની નોંધ/ભલામણો પર વિચારણા કરવા બાબત...

(નોંધ–પરીક્ષા FACT કમિટીની ઉપરોકત સભાની નોંધ/ભલામણો આ સાથે સામેલ છે.)

(પરીક્ષા (FACT) વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા FACT કમિટીની તા.૧૩/૧૨/૨૦૨૨ની સભાની નોંધ/ભલામણોનો પરિશિષ્ટ : ' ૨૪ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો.

(પરિશિષ્ટ : ' ૨૪ ')

૧૧૩. પરીક્ષા FACT કમિટીની તા.૨૧/૧૧/૨૦૨૨ની સભાની નોંધ/ભલામણો પર વિચારણા કરવા બાબત...

(નોંધ–પરીક્ષાFACTકમિટીની ઉપરોકત સભાની નોંધ/ભલામણો આ સાથે સામેલ છે.)

(પરીક્ષા (FACT) વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા FACT કમિટીની તા.૨૧/૧૧/૨૦૨૨ની સભાની નોંધ/ભલામણોનો પરિશિષ્ટ : ' ૨૫ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો.

(પરિશિષ્ટ : ' ૨૫ ')

૧૧૪. આર્ટસ કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ ખોલવડના ઈન્ટરનલ માર્કસ ગણતરીમાં લેવા અંગે કમીટીની રચના કરવામાં આવી હતી. જે તા.૨૧/૧૧/૨૦૨૨ના રોજ પરીક્ષા વિભાગ ખાતે મળી હતી. જેમાં ડા.કે.એચ.ચીખલીયા અને ડા. સુનિલભાઈ શાહ હાજર રહયા હતા. જેમાં કોલેજ તરફથી કોઈ પણ પ્રતિનિધી હાજર રહયા ન હતા. કમીટી જણાવે છે કે કોલેજના કોઈપણ પ્રતિનિધી હાજર રહયા ન હતા જે ગંભીર બાબત છે. વિદ્યાર્થીના હિતને ધ્યાનમાં રાખી પાછળથી આવેલા ઈન્ટરનલ માર્કસને ગ્રાહય રાખી પરીણામ જાહેર કરવા ભલામણ છે. કમીટી જણાવે છે કે સદર બાબતે કોલેજ તરફથી સહકાર કે પ્રતિસાદ ન મળ્યો હોય કોલેજ પર શિક્ષાત્મક પગલા લેવા માટે સિન્ડિકેટ સમક્ષ રજુ કરવા ભલામણ કરે છે.

ઉપરોકત બાબતે યોગ્ય વિચારણા કરવા બાબત.

નોધ : અહેવાલમાં જણાવ્યા પ્રમાણે સદર કોલેજનાં વિધાર્થીઓનું પરીણામ જાહેર કરવામાં આવ્યું છે જે આપશ્રીની જાણ શારૂ.

(પરીક્ષા (સાયન્સ) વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.

૧૧૫. તા.૧૪–૧૨–૨૦૨૨ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૨, ૩, ૫, ૭, ૧૦, ૧૧, ૧૪, ૨૧, ૨૨ અને ૩૦ અંગે વિચારણા કરવા બાબત.

બિડાણ : નાણાં સમિતિની સભાની મીનીટ્સ/ ભલામણ.

(હિસાબી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૧૪–૧૨–૨૦૨૨ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૨, ૩, ૭, ૧૪, ૨૧, ૨૨ અને ૩૦નો પરિશિષ્ટ : ' ૨૬ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો.**

ભલામણ ક્રમાંક : ૦૫ સંદર્ભે House Keeping work on Annual Base કામના કોન્ટ્રાકટની સમય મર્યાદા તા.૩૧–૧૨–૨૦૨૨ના રોજ પૂર્ણ થતી હોય માનનીય કુલપતિશ્રીએ ધારાની કલમ ૧૧/૪ અન્વયે કામના કોન્ટ્રાકટની સમયમર્યાદા નવા ટેન્ડરની અને વર્ક ઓર્ડરની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધીના સમય માટે લંબાવવા માટે નિર્ણય કરેલ હોય તેની નોંધ લેવી.

બાબત ક્રમાંક : ૧૦ અને ૧૧ ને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.

(પરિશિષ્ટ : ' ૨૬ ')

૧૧૬. તા.૧૪–૧૨–૨૦૨૨ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૧, ૬, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦ અને ૫૧ના ઠરાવની નોંધ લેવા બાબત.
બિડાણ : નાણાં સમિતિની સભાની મીનીટ્સ/ ભલામણ.

(હિસાબી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૧૪–૧૨–૨૦૨૨ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૧, ૬, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦ અને ૫૧ના ઠરાવની નોંધનો પરિશિષ્ટ : ' ૨૭ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો.**

(પરિશિષ્ટ : ' ૨૭ ')

૧૧૭. તા.૧૦–૧૨–૨૦૨૨ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંકઃ ૬, ૧૩ અને ૩૪ ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૧૧૮. યુનિવર્સિટી પરિસરના વિવિધ અનુસ્નાતક વિભાગો, સ્વનિર્ભર અભ્યાસક્રમો/પ્રોગ્રામોમાં જરૂરીયાત અનુસાર ૧૧ માસ કરાર આધારીત આસિસ્ટન્ટ પ્રોફેસર(હંગામી/કરાર આધારીત)/ટીચીંગ આસિસ્ટન્ટ (હંગામી /કરાર આધારીત) ની જગ્યા ભરવા જે તે વિભાગ પાસે નવી નિમણૂંક માટે ભલામણ અને પગાર સંબધિત ફંડ અંગેની માહિતી મંગાવવા અંગે વિચારણા કરવા બાબત....

નોંધ : હાલ વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ પ્રોફેસર(હંગામી/કરાર આધારીત)/ટીચીંગ આસિસ્ટન્ટ(હંગામી /કરાર આધારીત)ની માહિતી આ સાથે સામેલ છે.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૧૧૯. એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૧૨–૨૦૨૨ ની સભાએ ભલામણ કરેલ પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

ક્રમ	**નામ**	**ફેકલ્ટી**	**વિષય**	એકેડેમિક કાઉન્સિલની તારીખ તથા ઠરાવ ક્રમાંક
૧	ડૉ. મહેતા પ્રિયંકા હેમંતકુમાર	કોમપ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોમેશન ટેકનોલોજી	કોમપ્યુટર સાયન્સ	તા.૧૪–૧૨–૨૦૨૨ ઠરાવ ક્રમાંક (૦૪)
૨	ડૉ.પ્રજાપતિ જનકકુમાર ઈશ્વરભાઈ	આટર્સ	અર્થશાસ્ત્ર	તા.૧૪–૧૨–૨૦૨૨ ઠરાવ ક્રમાંક (૦૫)
૩	ડૉ. કુરાડા જયોતિબેન મંછુભાઈ	આટર્સ	સમાજશાસ્ત્ર	તા.૧૪–૧૨–૨૦૨૨ ઠરાવ ક્રમાંક (૦૬)
૪	ડૉ. સ્વાતી મેહુલ મહેતા	કોમર્સ	કોમર્સ	તા.૧૪–૧૨–૨૦૨૨ ઠરાવ ક્રમાંક (૦૭)
૫	ડૉ. ભટ્ટ અદિતી શૈલેષભાઈ	કોમર્સ	કોમર્સ	તા.૧૪–૧૨–૨૦૨૨ ઠરાવ ક્રમાંક (૦૮)
૬	ડૉ.દર્શના અનિરૂધ્ધસિંહ રાણા	સાયન્સ	કેમેસ્ટ્રી	તા.૧૪–૧૨–૨૦૨૨ ઠરાવ ક્રમાંક (૫૩)

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૧૨–૨૦૨૨ ની સભાએ કરેલ ઉપરોકત ભલામણો સ્વીકારી ઉપરોકત શિક્ષકોને પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જયાં શકય હોય ત્યાં હાલની પીએચ.ડી. પ્રવેશની પ્રક્રિયામાં ઉપરોકત માર્ગદર્શક શિક્ષકોને વિદ્યાર્થીઓ ફાળવવા.

૧૨૦. ભુલાભાઈ જીવનજી પટેલ વૈદકિય ટ્રસ્ટ, કાનપુરા, વ્યારા, જિઃ તાપી.–૩૯૪૬૫૦ સંચાલિત અજય જનકરાય શાહ નર્સિગ ઈન્સ્ટિટયુટ, સબરીધામ સ્કુલ કેમ્પસ, કાનપુરા, વ્યારા, જિઃ તાપીની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(નર્સિગ) નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૧૬–૦૭–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૨) અને સિન્ડિકેટની તા.૨–૧૧–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૯૯) અન્વયે, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને જમા કરાવેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૧૨–૨૦૨૨ના ભલામણ ક્રમાંકઃ (૧૬) થી સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
1.	**બી.એસસી.(નર્સિગ) (સ્વનિર્ભર)**	**નવું જોડાણ**	**તા.૧૫–૬–૨૦૨૨ થી તા.૧૪–૬–૨૦૨૩ (એક વર્ષ)**

શરતો :

૧ સંસ્થાએ કાયમી ધોરણે પ્રીન્સીપાલની નિમણૂંક કરવી અને યુનિવર્સિટીની માન્યતા મેળવવા કાર્યવાહી કરવી.

૨ સંસ્થાએ નર્સિગ કાઉન્સીલના ધારા–ધોરણ પ્રમાણે ટીચીગ સ્ટાફની નિમણૂંક કરી યુનિવર્સિટીની માન્યતા માટે કાર્યવાહી કરવી.

૩ સંસ્થાએ રાજય સરકારશ્રીનું એસેન્સીયાલીટી સર્ટીફીકેટ મેળવી,યુનિવર્સિટીમાં રજુ કરવાનું રહેશે.

૪ સંસ્થાએ કાઉન્સીલના ધારા–ધોરણ પ્રમાણે લેબોરેટરીમાં વધુ પ્રમાણમાં સાધન–સામગ્રી,આર્ટીકલ્સ વસાવવાના રહેશે.લાયબ્રેરીમાં વધારે –પુસ્તકો અને જર્નલ નિયમિત રીતે સંસ્થાએ દર વર્ષે વિધાર્થીના ઈનટેક પ્રમાણે વસાવવાના રહેશે.

૫ સંસ્થાએ ગુજરાત નર્સિગ કાઉન્સીલ અને ઈન્ડિયન નર્સિગ કાઉન્સીલના વખતો વખતના ધારા–ધોરણ અને નિતિ–નિયમોનું ચૂસ્ત પણે પાલન કરવાનું રહેશે.

૬ સંસ્થાએ ઓર્ડિનન્સ ૬૯(A) અને ૬૯(B)નું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારની માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતો

૧. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખત નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.

૨. મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/–(દસ લાખ પૂરા)ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકતનામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહિત રીન્યુ કરાવવાની રહેશે. (જો મૂકેલ ન હોય તો)

૩. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ પૂરા)ની રકમ રોકડમાં બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂા. ૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ પૂરા સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.

૪. ડિપોઝીટની શરત અન્વયે મિલ્કતો ઋણ મુકત હોવા બાબતનું માન. ચેરીટી કમિશ્નરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.

૫. કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા. ૫,૦૦,૦૦૦/–(પાંચ લાખ પૂરા)નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાનાં રહેશે.

૬. કોલેજમાં ઈમેઈલ/ ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.

૭. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા– ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.

૮ વિષય અનુરૂપ લાયકાત ધરાવતા વ્યાખ્યાતાઓની નિમણૂંક કરવી.

૯. ઓર્ડિનન્સ ૬૯–એ, ૬૯–બીનું યથાર્થ પાલન કરવું.

ભલામણ :

અમો,નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર ડિગ્રી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહ્ય રાખી નીચેના સમયગાળા માટે નવું જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

(નોંધઃ (૧) યુ.જી.સી.ના ૨૦૧૨ ના રેગ્યુલેશનમાં જણાવેલ નીચે મુજબ જમીન અંગેની શરતની જોગવાઈ છે.

3.1.1. Undisputed ownership and possession of land free from any or all encumbrances measuring not less than 1.5 acres if it is located in mega cities, 2 acres if it is located in metropolitan cities and 5 acres if it is located in other cities

(૨) ગામ નમૂનો નંબર ૭/૧૨ની નકલમાં જમીન ભુલાભાઈ જીવણભાઈ વેદકીય ટ્રસ્ટના નામે છે. જોડાણ અરજીપત્રકમાં જમીન ૪.૨૩ એકર જમીન દર્શાવેલ છે.

(૩) સદર કોલેજે નીડ કમિટિની ભલામણને આધારે ભાડા કરાર ૦૩ વર્ષ થી વધારીને ૩૦ વર્ષનો કરેલ છે નકલ સામેલ છે.

(૪) સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.**)**

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૧૨–૨૦૨૨ની ભલામણ ક્રમાંક :(૧૬)</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, ભુલાભાઈ જીવનજી પટેલ વૈદકિય ટ્રસ્ટ, કાનપુરા, વ્યારા, જિઃતાપી.–૩૯૪૬૫૫૦ સંચાલિત અજય જનકરાય શાહ નર્સિંગ ઈન્સ્ટિટયુટ, સબરીધામ સ્કુલ કેમ્પસ, કાનપુરા, વ્યારા, જિઃ તાપીની સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(નર્સિંગ)નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારી શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. (નર્સિંગ)નું નવું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(જોડાણ વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ભુલાભાઈ જીવનજી પટેલ વૈદકિય ટ્રસ્ટ, કાનપુરા, વ્યારા, જિઃતાપી.–૩૯૪૬૫૦ સંચાલિત અજય જનકરાય શાહ નર્સિંગ ઈન્સ્ટિટયુટ, સબરીધામ સ્કુલ કેમ્પસ, કાનપુરા, વ્યારા, જિઃ તાપી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(નર્સિંગ) નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૧૨–૨૦૨૨ની ભલામણ ક્રમાંક :(૧૬) નો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. (નર્સિંગ)નું નવું જોડાણ આપવા ગુજરાત નર્સિંગ કાઉન્સિલની મંજૂરી અને એસેન્સયાલીટી સર્ટીફિકેટ રજૂ કર્યેથી રાજય સરકારશ્રીને ભલામણ કરવામાં આવે છે.

૧૨૧. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન **અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મિડિયમ કોલેજ,સુરત**ની **M.A. Economics** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ સિન્ડિકેટની તા.૩૧–૦૩–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંક (૧૮૮) અન્વયે સ્થાનિક તપાસ સમિતિની એસોસિયેટ પ્રોફેસરની નિમણૂંક કરવાની શરતોનું પરિપાલન કરવાની શરતે ચાલુ જોડાણ મંજૂર કરવામાં આવેલ છે. વિભાગના ધ્યાને આવ્યા મુજબ જે કોલેજોના ચાલુ જોડાણ માટે સ્થાનિક તપાસ સમિતિની એસોસિયેટ પ્રોફેસર નિયુકિતની ભલામણ હોય, તે કોલેજો દ્વારા એકથી વધુ વખત જાહેરાતો આપવા છતાં પરિપાલન થતું ન હોય, તે ધ્યાને લેતાં એસોસિયેટ પ્રોફેસરની નિયુકિતના સ્થાને શૈક્ષણિક કાર્યભારના અનુભવ સાથે અધ્યાપકની નિયુકિત કરવા સારૂ વિચારણા કરવા બાબત...

ક્રમ	શરતની વિગત	શરત પરિપાલનની નોંધ	કાર્યાલય નોંધ
૧	નિયત લાયકાત ધરાવતા M.A.-ઈકોનોમિકસના પ્રોગ્રામ માટે એક એસોસિએટ પ્રોફેસરની નિમણૂંકની કાર્યવાહી પૂરીકરવામાં આવે.	એસોસિયેટ પ્રોફેસરની નિમણૂંકની કાર્યવાહીના ભાગરૂપે તા.૧૫–૧૦–૨૦૨૨ના રોજ વર્તમાનપત્રોમાં જાહેરાત આપીને અરજીઓ મંગાવવામાં આવી હતી. અને પસંદગી પ્રક્રિયાના ભાગરૂપે ઈન્ટરવ્યુની કાર્યવાહી કરવામાં આવી હતી અને પસંદગી સમિતિએ ઈન્ટરવ્યુની કાર્યવાહી દરમ્યાન યોગ્ય ઉમેદવાર પસંદ ન થતાં ફરીથી જાહેરાત આપીને નિમણૂંકની કાર્યવાહી કરવાનું ઠરાવેલ હતું અને પસંદગી સમિતિના ઠરાવ મુજબ અમોએ ફરીથી તા.૨૪–૦૪–૨૦૨૨ના રોજ વર્તમાન પત્રમાં જાહેરાત આપી નિમણૂંકની કાર્યવાહી કરેલ છે. પરંતુ આ જાહેરાતના સંદર્ભમાં એસોસિયેટ પ્રોફેસરની પોસ્ટ માટે કોઈ પણ અરજી મળેલ નથી, તેથી અમોએ ફરીથી તા.૧૭–૦૭–૨૦૨૨ના રોજ વર્તમાન પત્રમાં જાહેરાત આપી નિમણૂંકની કાર્યવાહી કરેલ હતી, પરંતુ આ જાહેરાતના સંદર્ભમાં પણ એસોસિયેટ પ્રોફેસરની પોસ્ટ માટે કોઈ પણ અરજી મળેલ નથી તેથી અમોએ ફરીથી તા.૦૪–૧૨–૨૦૨૨ના રોજ વર્તમાન પત્રમાં જાહેરાત આપી નિમણૂંકની કાર્યવાહી કરેલ છે જે વિદિત થાય. બિડાણ–૧	પરિપાલન થયેલ નથી.
૨	લાઈબ્રેરીમાં ઈકોનોમિકસ વિષયના RS.૧૦,૦૦૦/–ના પુસ્તકો ખરીદવામાં આવે એ ઉપરાંત લાઈબ્રેરીને DIGITALY વધારે સધ્ધર બનાવવામાં આવે.	૨૦૨૧–૨૨માં ૨૪ ટાઈટલના ૫૮ પુસ્તકોના રૂા. ૧૯૦૨૮/–ના પુસ્તકો ખરીદવામાં આવેલ છે. વધુમાં કોલેજ લાઈબ્રેરીમાં ઈકોનોમિકસ વિષયના ૧૦૮પુસ્તકો હાલમાં ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૨૨–૨૩માં અર્થશાસ્ત્ર વિષય માટે રૂ ૧૦,૦૦૦/–ના પુસ્તકો સહિત કુલ રૂા. ૨૦,૨૩૪/– ના પુસ્તકો ખરીદવા માટે ઓર્ડર આપેલ છે. લાઈબ્રેરીમાં કુલ ૫ (પાંચ) કમ્પ્યૂટર મૂકીDIGITALYવધુ સધ્ધર બનાવી છે. બિડાણ–૧	પરિપાલન કરવામાં આવેલ છે.
૩	યુનિવર્સિટીના ઓર્ડિનન્સ 69-A અને 69-B નો ચુસ્તપણે અમલ કરવામાં આવે.	યુનિવર્સિટીના ઓર્ડિનન્સ 69-A અને 69-Bનો ચુસ્તપણે અમલ કરવામાં આવે છે.	પરિપાલન કરવામાં આવે છે.
૪	યુ.જી.સી./ કેન્દ્ર સરકાર/ રાજય સરકાર દ્વારા નિર્ધારિત થતા ધારા ધોરણોનું પાલન કરવામાં આવે.	યુ.જી.સી./ કેન્દ્ર સરકાર/ રાજય સરકાર દ્વારા નિર્ધારિત થતા ધારા ધોરણોનું પાલન કરવામાં આવે છે.	પરિપાલન કરવામાં આવે છે.

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૧૨૨. તા. : ૧૭–૧૨–૨૦૨૨ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૦૭ અને ૧૦ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણ – પ્ર.વિ. અને બાં. સમિતિના ઠરાવ)

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૧૨૩. **આર્કિટેકચર એન્ડ ડીઝાઈન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ તૈયાર કરેલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૦૨૩ ની M.Plan ની નીચે મુજબની સત્રવ્યવસ્થા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૪/૧૨/૨૦૨૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૨ અન્વયે સ્વીકારી તે મંજૂર કરવા કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

PROPOSED

REVISED TERM SCHEDULE FOR M.PLAN PROGRAM OF ARCHITECTURE & DESIGN FACULTY FOR ACADEMIC YEAR 2022-23

TERM : I (SEM.I)		**25/08/2022 TO 19/12/2022**
NO.	**DETAILS OF ACTIVITIES**	**DURATION**
1	TEACHING & CONTINUOUS EVALUATION	25/08/2022 TO 10/12/2022
2	EXAMINATIONS : END SEM, JURIES, THEORY	12/12/2022 TO 19/12/2022
TERM : II (SEM.II)		**20/12/2022 TO 30/04/2023**
1	TEACHING & CONTINUOUS EVALUATION	20/12/2022 TO 11/04/2023
2	UNIVERSITY EXAMINATIONS : END SEM, JURIES, THEORY	12/04/2023 TO 29/04/2023
3	SUMMAR VACATION / SUMMAR SCHOOL	01/05/2023 TO 14/06/2023
BEGINNING OF NEW ACADEMIC YEAR 2023-24		**15/06/2023**

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪/૧૨/૨૦૨૨ની સભાની ભલામણ ક્રમાંક : ૧૨</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, આર્કિટેકચર એન્ડ ડીઝાઈન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ તૈયાર કરેલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૦૨૩ ની M.Plan ની ઉપરોકત મુજબની સત્રવ્યવસ્થા મંજૂર કરી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૪/૧૨/૨૦૨૨ની સભાની ભલામણ ક્રમાંક : ૧૨નો યથાવત સ્વીકાર કરવો.**

